# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટે તા. ૨૬/૦૧/૨૦૧૭ ના રોજ જાહેરાત ક્રમાંકઃ **૯૯/૨૦૧૬૧૭ થી ૧૧૦/૨૦૧૬૧૭ અને** તા. ૧૭/૦૩/૨૦૧૭ ના રોજ જાહેરાત ક્રમાંકઃ **૧૧૯/૨૦૧૬૧૭ થી ૧૩૨/૨૦૧૬૧૭ તેમજ** તા. ૧૭/૧૦/૨૦૧૭ ના રોજ જાહેરાત ક્રમાંકઃ ૧૩૮/**૨૦૧૭૧૮ થી ૧૪૧/૨૦૧૭૧૮** પ્રસિધ્ધ કરી ઓન-લાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ હતા. ઉકત જાહેરાતો પૈકી જે જાહેરાતોની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજવાની બાકી છે તેવા સંવર્ગોની જાહેરાત પૈકી નીચે દર્શાવેલ જાહેરાતોના અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને **General** કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) ને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની જાહેરાતમાં વર્ણવ્યા મુજબની પ્રથમ તબક્કાની **MCQ - OMR** પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી ગાંધીનગર ખાતેના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજવાનો મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે. **અનિવાર્ય કારણોસર આ કાર્યક્રમમાં મંડળ ફેરફાર કરી શકશે.**

| અ.નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | પરીક્ષાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | ૧૦૮/૨૦૧૬૧૭ | નર્સ | ૦૧/૦૪/૨૦૧૮ (**MCQ- OMR** પદ્ધતિ) |
| ૨ | ૧૪૧/૨૦૧૭૧૮ | રોયલ્ટી ઇન્સ્પેકટર | ૦૧/૦૪/૨૦૧૮ (**MCQ- OMR** પદ્ધતિ) |
| ૩ | ૧૨૬/૨૦૧૬૧૭ | સર્વેયર | ૦૧/૦૪/૨૦૧૮ (**MCQ- OMR** પદ્ધતિ) |
| ૪ | ૧૨૫/૨૦૧૬૧૭ | ઇલેકટ્રીકલ સબ ઇન્સ્પેકટર | ૦૮/૦૪/૨૦૧૮ (**MCQ- OMR** પદ્ધતિ) |
| ૫ | ૧૩૯/૨૦૧૭૧૮ | હોમિયોપથી મેડિકલ ઓફિસર | ૦૮/૦૪/૨૦૧૮ (**MCQ- OMR** પદ્ધતિ) |

સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનો સમય તથા કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ તેમજ રદ થયેલ અરજીપત્રકોની વિગતો (પરીક્ષા ફી ન ભરવાના કારણસર અને એક કરતાં વધુ અરજી કરેલ હોય તેવા કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક ગ્રાહ્ય રાખીને બાકીના અરજીપત્રકો ડુપ્લીકેશનના કારણસર) પરીક્ષાની તારીખના ૧૦ દિવસ પહેલાં મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મુકવામાં આવશે. જેની સંબંધિત દરેક ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઇટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળઃ- ગાંધીનગર

તા. ૦૧/૦૩/૨૦૧૮

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ગાંધીનગર